ZANDU FOUNDATION
Established:1990

# Zandu Foundation for Health Care (ZFHC)

# અશ્વગંધા (*Withania somnifera*)





**લોકલ નામ :** અશ્વગંધા

**વૈજ્ઞાનિક નામ :** *Withania somnifera*

**ફેમીલી :** સોલેનેસી

**શાસ્ત્રીય નામ :** અશ્વગંધા - અસગંધ, ઘોડા આસન

**ઉપયોગ ભાગ :** મૂળ

**મુખ્ય રાસાયણિક તત્વ :** વીથાનોલાઈડસ

**છોડનો પ્રકાર :** ક્ષુપ

**છોડની ઊંચાઈ :** ૨૫ થી ૪૦ સે.મી.

**છોડનું ચક્ર :** ઓગસ્ટ થી જાન્યુઆરી સુધી ( ૬ થી ૭ મહિના)

આ ઔષધિય પાક આયુર્વેદિક અને યુનાની દવાઓમાં ઘણો મહત્વનો છે. તે સાંધાના સોજા પર તથા ક્ષય જેવી બિમારીઓમાં કામ આવે છે. અશ્વગંધાના મૂળનું શક્તિ વધારવા, વજન વધારવા, જાતિય દુર્બળતા, વાય રોગ, મંદગ્નિ તથા અનિદ્રામાં કામ આવે છે. મંદ બુધ્ધિ અને હાઈ બી.પી. વાળા દર્દીઓએ આ ચૂર્ણ કાયમ ન લેવા આર્યુવેદની સલાહ છે. મધ્ય પ્રદેશના પશ્ચિમ ભાગમાં આવેલ મંદૌસર જિલ્લામાં અશ્વગંધાની ખેતી થાય છે. આ ઉપરાંત રાજસ્થાન ઉપરાંત ગુજરાતમાં પણ ખેતી કરવામાં આવે છે.

**છોડનું વર્ણન :** વધુ શાખાવાળો આ છોડ સામાન્ય રીતે ૨૫ થી ૪૦ સે.મી.ની ઉંચાઈનો થાય છે. પાન ઘાટા લીલા રંગના હોય છે. પુષ્પ નાનું પીળુ કે લાલ રંગનુ હોય છે. મૂળ લગભગ એક ફૂટ લાંબા મજબૂત દોરા જેવા પીળાશ પડતા હોય છે.

**સુધારીત જાત :** જવાહર અસંગધ - ૨૦, જવાહર અસંગધ - ૧૩૪, વલ્લભ અશ્વગંધા.

**જમીનનો પ્રકાર :** આ પાક કોઈ પણ પ્રકારની પોચી જમીનમાં થઈ શકે છે. આ પાકને ગોરાડુ કે મધ્યમકારી જમીન વધારે માફક આવે છે. કાળી રેતીવાળી જમીનમાં પણ સારૂ ઉત્પાદન મેળવી શકાય છે.



**વાવણીનો સમય :** આ પાકનુ વાવેતર અર્ધ ચોમાસુ એટલે કે સપ્ટેમ્બરના છેલ્લા પખવાડિયામાં કરવુ હિતાવાહ રહેશે સામાન્ય રીતે ખેડૂતો બિયારણને પૂખીને વાવે છે.

**વાવણીનું અંતર :** સામાન્ય રીતે ખેડૂતો બિયારણને પૂખીને વાવે છે પરંતુ ૩૦x૬૦ સે.મી. અને ૬૦x૬૦ સે.મી. ના અંતરે હારમાં વાવવામાં આવે તો ઉત્પાદન વધુ મળે છે.



**બિયારણનો દર :** ૧ હેક્ટરની વાવણી કરવા માટે ૧૦ થી ૧૨ કિ.ગ્રા. ની જરૂર પડે છે.




**ખાતર:** અશ્વગંધાને કોઈપણ પ્રકારનું રાસાયણિક ખાતર આપવાની ભલામણ નથી. સેંદ્રિય ખાતર તરીકે પ્રતિ હેક્ટરે ૧૦ ટન છાણિયું ખાતર તેમજ ૨ ટન દિવેલી ખોળ અથવા ૫ ટન મરઘાનું ખાતર પાયામાં આપવાની ભલામણ છે. ખાતર નાખ્યા પછી ૧ થી ૨ ઊંડી ખેડ કરી ખાતર બરાબર જમીનમાં ભેળવવામાં આવે તે ધ્યાનમાં રાખવું.

**નિંદામણ:** પાકના વાવેતર પછી ૨૦ થી ૨૫ દિવસે જરૂરી નિંદામણ કરવુ તેમ છતા સમયસર નિંદામણ કરતા રહેવું. તદુપરાંત જો પાક હારમાં વાવેલ હોય તો એકાદ બે આંતરખેડ કરવી આંતરખેડ કરવાથી જમીન પોચી અને ભરભરી રહેશે.

**Quality parameters as per API**

| Parameters | API standards* |
|---|---|
| Foreign matter | Not more than 2 % |
| Total ash | Not more than 7 % |
| Acid-insoluble ash | Not more than 1 % |
| Alcohol-soluble extractive (25 per cent) | Not less than 15 % |
| Water-soluble extractive | Nil |

*API-Ayurvedic Pharmacopoeia of India.

**પિયત :** જરૂરિયાત મુજબ જમીનની પ્રકાર ધ્યાનમાં ૩ થી ૫ પાણી આપવા પછી ૨૦ થી ૨૫ દિવસના અંતરે પાણી આપતા રહેવું.

**રોગ અને નિયંત્રણ :** અશ્વગંધામા મૂળનો કોહવારાનો તથા છોડનો સુકારો એ મુખ્ય રોગ છે. આ રોગના લક્ષણ દેખાય કે તરતજ જૈવિક કીટકનાશક નામની દવાને ૩ ગ્રામ પ્રમાણે ૧ લિટર પાણીમાં ઓગાળી મૂળની આસપાસ દર અઠવાડિયે બે થી ત્રણ છંટકાવ કરવા.

**કાપણી :** વાવણી બાદ છોડ ૧૩૫ થી ૧૫૦ દિવસે પાકીને તૈયાર થઇ જાય છે જ્યારે છોડના પાન પીળા પડી જાય ત્યારે પાક કાપણી માટે તૈયાર થઈજાય છે. પાકી ગયેલા છોડને મૂળ સાથે આખો જ જમીનમાંથી ખેચી કાઢવામાં આવે છે. મૂળના કટકા કરી અલગ જગ્યાએ છાયામાં સુકવવામાં આવે છે.

**ઉત્પાદન :** સુકા મૂળ ૫૦૦ થી ૭૦૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરે મળે છે.



**વધુ માહિતી માટે સંપર્ક:**

સાઇન્ટીસ ઈંચાર્જ,

ઝંડુ ફાઉંડેશન ફોર હેલ્થ કેર

ગામ : અંબાચ, તા: પારડી, જી. વલસાડ - ૩૯૬ ૧૪૫

E-mail : zfhc.farm@gmail.com, info@zandufoundation.com

website : www.zandufoundation.com

ફોન નંબર : ૦૨૬૦૨૩૧૮૨૧૭/૧૮